# <u>ક્રિમી. કેસ નંબર : ૧૬૬/૨૦૧૮ ના કામે</u>
# <u>આંક : ૫ લગત હુકમ :–</u>

**૧)..** આ કામે અરજદારની હાલની ફોજ.કેસ નંબર– ૧૬૬/૨૦૧૮ ના કેસ રેકર્ડ સાથે વંચાણે લેવામાં આવી. વધુમાં એફ.આઈ.આર, <u>પંચનામું, પોલીસ અભિપ્રાય તથા આર.સી બુકની નકલ વંચાણે લેવામાં આવી તથા અરજદાર પક્ષે સાંભળ્યા. પોકાર કરાવતાં સરકાર તરફે એ.પી.પી હાજર રહેલ નથી.</u>

**૨)..** અરજદારનાં વિ.વ. શ્રી પટેલને સાંભળ્યા. તેમણે અરજી મુજબની રજુઆત કરી વિશેષમાં દલીલો કરતાં જણાવેલ છે કે, સદરહું મુદ્દામાલ મહીન્દ્રા કંપનીનું પીક અપ વાહન નંબર– જી.જે.૧. ડી.યુ. ૧૨૫૫ અરજદારનું સ્વતંત્ર માલીકી કબજોનું આવેલ છે. તથા તે આર.સી બુકમાં પણ તેઓના નામે ચાલતુ આવેલ છે.સદર વાહન અરજદારના ધંધાના કામમાં ઉપયોગમાં લેવાનું સાધન છે તથા વાહન ધોલેરા પોલીસ સ્ટેશન સે. ગુ. રજી. નં બર– ૬/૨૦૧૮ ના કામે પશુ સંરક્ષણ અધિનીયમ– ૨૦૧૧ ની કલમ– ૫, ૬(એ), ૮(૪) તથા એમ.વી.એકટ કલમ– ૧૯૨(એ) તથા પ્રાણી કુરતા અધિનીયમની કલમ–૧૧ ડી,ઈ,એફ,મુજબના ગુનાના કામે આરોપી/અરજદાર પાસેથી કબજે કરેલ છે. સદર મુદ્દામાલ વાહન લાંબો સમય સુધી પોલીસ સ્ટેશનમાં ખુલ્લા મેદાનમાં પડી રહે તો તેના સ્પેર

પાર્ટસને નુકશાન થાય તેમ છે. જો મુદ્દામાલ અમોને નામ. કોર્ટ પરત આપવા હુકમ કરશે તો અમો નામદાર કોર્ટ ફરમાવે તે તમામ શરતોનું ચુસ્તપણે પાલન કરીશું અને નામ.કોર્ટ ફરમાવે તેવા સધ્ધર જામીન આપીશું.

વધુમાં આ કામે અરજદારે પોતાની અરજીમાં તેઓએ અગાઉ સદર વાહન સબંધ પરચુરણ અરજ નંબર– ૨૩/૨૦૧૮ દાખલ કરેલ હોવાની તથા તે અરજ વાહન કબજે કરેલ હોવાને છ માસનો સમય પરીપુર્ણ થયેલ ન હોય જેથી રદ કરવામાં આવેલ હોવાની હકીકત જણાવેલ છે.

**૩)..** આમ, ઉપરોક્ત વિગતે અરજદારપક્ષે થયેલ લેખીત–મૌખિક રજુઆતો સાંભળી. આ કામે અરજદાર તરફે રજુ માર્ક–૮/૧ થી મુળ વાહન માલીકની આર.સી બુકની નકલ તથા માર્ક–૮/૨ થી મુળ વાહન માલીકનું અરજદારને વાહન આપવામાં વાંધો ન હોવાનું સોગંદનામું તથા માર્ક–૮/૩ થી મુળ વાહન માલીકનું ઓળખ કાર્ડ તે તમામ પુરાવા વંચાણે લેવામાં આવેલ છે.

આ કામે ફોજ.કેસ નંબર– ૧૬૬/૨૦૧૮ ન કામે રજુ મુદ્દામાલ પાવતી તથા પંચનામું વંચાણે લેતાં આ કામે અરજદાર તરફથી માંગવામાં આવેલ મહીન્દ્રા કંપનીનું પીક અપ વાહન નંબર– જી.જે.૧. ડી.યુ. ૧૨૫૫ કે મુદ્દામાલ પાવતીમાં અનુક્રમ નંબર–૧ થી દર્શાવેલ છે તે વાહન પંચનામાની વિગતે ગુનાના કામે કબજે લેવામાં આવેલ છે. જયારે આ કામે કેસની ફરીયાદ (એફ.આઈ.આર) પંચનામું વિગેરે ધ્યાને લેતા અરજદારની કોઈ સ્થળ પર હાજરી જણાઈ આવેલ નથી તથા આવા અરજદારની હાજરીમાં હાલનું વાહન પંચનામાની વિગતે કબજે કરેલ હોવાનું રેકર્ડ પરથી જણાઈ આવેલ નથી. વધુમાં આ કામે અરજદાર તરફથી માંગવામાં આવેલ વાહન ધોલેરા પોલીસ સ્ટેશન સે. ગુ. રજી. નંબર– ૬/૨૦૧૮ ના કામે પશુ સંરક્ષણ અધિનીયમ–૨૦૧૧ ની કલમ– ૫, ૬(એ), ૮(૪) તથા એમ.વી.એકટ કલમ– ૧૯૨(એ) ના ગુનાના કામે કબજે લેવામાં આવેલ છે. તે સંજોગોમાં હાલની અરજીના ન્યાયીક નિરાકરણ સારૂ પશુ સંરક્ષણ અધિનીયમ–૨૦૧૧ ની કલમ– ૫, ૬(એ), ૮(૪) ની કાનુની જોગવાઈ ધ્યાને લેવી જરૂરી જણાયેલ છે. જે નીચે મુજબ છે.

## **Section- 5. Prohibition against slaughter without certificate from Competent Authority.**

(1) Notwithstanding any law for the time being in force or any usage to the contrary, no person shall slaughter or cause to be slaughtered any animal unless, he has obtained in respect of such animal a certificate in writing from the Competent Authority appointed for the area that the animal is fit for slaughter.

4[(1A) No certificate under sub-section (7) shall be granted in respect of—
(a) a cow ;
(b) the calf of a cow, whether male or female and if male, whether castrated or not ;
(c) a bull ;
(d) a bullock ; ]

(2) 5[In respect of an animal to which sub-section (1A) does not apply, no certificate ] shall be granted under sub-section (1) if in the opinion of the Competent Authority-

(a) the animal, whether male or female, is useful or likely to become useful for the purpose of draught or any kind of agricultural operations;
(b) the animal if male, is useful or likely to become useful for the purpose of breeding ;
(c) the animal, if female, is useful or likely to become useful for the purpose of giving milk or bearing offspring.

6[ (3) Nothing in this section shall apply to-

(a) the slaughter of any of the following animals for such bonafide religious purposes, as may be prescribed, namely :-
(i) any animal above the age of fifteen years other than a cow, bull or bullock.
(b) the slaughter of any animal not being a cow or a calf of a cow, bull or bullock, on such religious days as may be prescribed :

Provided that a certificate in writing for the slaughter referred to in clause (a) or (b) has been obtained from the competent authority. ]

(4) The State Government may, at any time for the purpose of satisfying itself as to the legality or propriety of any order passed by a Competent Authority granting or refusing to grant any certificate under this section, call for and examine the records of the case and may pass such order in reference thereto as it thinks fit.

(5) A certificate under this section shall be granted in such form and on payment of such fee as may be prescribed.

(6) Subject to the provision of sub-section (4) any order passed by the Competent Authority granting or refusing to grant a certificate, and any order passed by the State Government under sub-section (4) shall be final and shall not be called in question in any Court.

## **Section- 6A. Prohibition against transportation of specified animals for slaughter.**

(1) No person shall transport or offer for transport or cause to be transported any animal specified in sub-section (1A) of section 5 from any place within the State to any another place within the State for the purpose of its slaughter in contravention of the provisions of this Act or with the knowledge that it will be or is likely to be so slaughtered:

Provided that a person shall be deemed to be transporting such animal for the purpose of slaughter unless contrary is proved thereto to the satisfaction of the concerned authority or officer by such person or he has obtained a permit under sub-section (2) for transporting animal for bona fide agricultural or animal husbandry purpose from such authority or officer as the State Government may appoint in this behalf.

(2) (a) A person may make an application in the prescribed form to the authority or officer referred to in sub-section (1) for grant of permit in writing for transportation of any animal specified in sub section (1A) of section 5 from any place within the State to any another place within the State.

(b) If, on receipt of any such application for grant of permit, such authority is of the opinion that grant of permit shall not be detrimental to the object of the Act, it may grant permit in such form and on payment of such fee as may be prescribed and subject to such conditions as it may think fit to impose in accordance with such rules as may be prescribed.

(3) Whenever any person transports or causes to be transported in contravention of provisions of sub-section (1) any animal as specified in sub-section (1A) of section 5, such vehicle or any conveyance used in transporting such animal alongwith such animal shall be liable to be seized by such authority or officer as the State Government may appoint in this behalf.

(4) The vehicle or conveyance so seized under sub-section (3) shall not be released by the order of the court on bond or surety before the expiry of six months from the date of such seizure or till the final judgment of the court, whichever is earlier.

**<u>Section- 8</u>(4)**

Whoever contravenes the provisions of section 6A or 6B shall, on conviction, be punished with imprisonment for a term which may extend to three years and with fine which may extend to twenty-five thousand rupees.]

**૪)..** આ કામે ઉપરોકત જોગવાઈ ધ્યાને લેતાં કલમ– ૫ અન્વયે યોગ્ય સત્તાધિકારીના પ્રમાણપત્ર વગર કોઈપણ પશુના વધ પર પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે તથા કલમ– ૬ એ માં પશુની હેરા ફેરી પર પ્રતિબંધ લાદેલ છે તથા આવી હેરાફેરીમાં વપરાયેલ વાહન જપ્ત કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે. વધુમાં આ કામે કલમ–૫ ના ભંગ બદલ કલમ–૬(૩) હેઠળ જપ્ત કરવામાં આવેલ વાહન કલમ–૬એ(૪)ની જોગવાઈ મુજબ આવા વાહનની જપ્તી તારીખથી છ માસ પહેલા કે કેસના ઠરાવ સુધી જે પ્રથમ હોય તે મુજબ વાહન છોડવા પર પ્રતિબંધ ફરમાવેલ છે.

**૫)..** આ કામે હાલના તબકકે પંચનામું વંચાણે લેતા હાલનું વાહન પોલીસ તરફથી તા. ૧૯/૨/૧૮ના રોજ કબજે કરવામાં આવેલ છે તથા હાલની અરજી તા. ૧૫/૧૦/૧૮ ના રોજ કરવામાં આવેલ હોય તે સંજોગોમાં વાહન જપ્તીની કાર્યવાહી ને છ માસનો સમયપુર્ણ થયેલ હોવાનું જણાયેલ છે. વધુમાં આ કામે વાહનના મુળ માલીક તરફથી પણ વાહન હાલની અરજીના અરજદારને આપવા સામે વાંધો ન હોવાનું સોગંદનામું માર્ક–૮/૨ થી રજુ થયેલ છે. તે સંજોગોમાં અરજદારની દલીલો, કેસનુ રેકર્ડ તથા રજુ થયેલ દસ્તાવેજોની હકીકતો વંચાણે લેતાં સદરહુ મુદ્દામાલનો કબજો મેળવવા હાલના અરજદાર હકકદાર હોવાનુ હાલના પ્રાથમિક તબકકે જણાઈ આવે છે અને અરજદાર સિવાય બીજા કોઈનો તે બાબતે કલેઈમ નથી તેમજ સદરહુ મુદ્દામાલ વધુ સમય પોલીસ સ્ટેશનમાં પડી રહેવાથી બગડી જાય અને નુકશાન થાય તેમ જણાઈ આવે છે. વધુમાં આ અરજી નીચેનો હુકમ વચગાળાનો હુકમ છે અને સંજોગો બદલાએ આ હુકમમાં ફેરફારની શકયતા રહેલ છે તેમજ નામ. સુપ્રિમ કોર્ટના **સુંદરલાલ અંબાલાલ દેસાઈ વિ. સ્ટેટ ઓફ ગુજરાત, ૨૦૦૩(૨) જી.એલ.આર. પાન–૧૩૩૭** ના ચુકાદાને વંચાણે લેતાં સદરહુ મુદ્દામાલ યોગ્ય રકમના જામીન લઈ નીયત શરતો આધિન પરત સોંપવાનુ વ્યાજબી તથા ન્યાયી જણાતુ હોઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## **/// હુ ક મ ///**

- અરજદારની અરજી આથી **મંજુર** કરવામાં આવે છે.
- વધુમાં એવો હુકમ કરવામાં આવે છે કે, **ધોલેરા પોલીસ સ્ટેશન સે. ગુ. ૨. નં. ૬/૨૦૧૮** ના કામે કબજે કરેલ મુદ્દામાલ **મહીન્દ્રા કંપનીનું પીક અપ વાહન નંબર– જી.જે.૧. ડી.યુ. ૧૨૫૫** પંચનામામાં જણાવેલ કિંમત **રૂ. અઢી લાખ** કરતા બમણી રકમના જામીન તથા તેટલી જ રકમના બોન્ડ આપેથી નીચેની શરતે વચગાળાની કસ્ટડી તરીકે સોંપી આપવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શ ર તો</u> :–**

- અરજદારે મુદ્દામાલ વાહનની કંપની પરિસ્થિતિમાં કોઈ ફેરફાર કરવો નહી.
- અરજદારે મુદ્દામાલ વાહન અન્ય કોઈને વેચાણ, ગીરો, બક્ષીશ, તબદીલ કે ટ્રાન્સફર કરવો નહી. તેમજ કોર્ટ જયારે પણ ફરમાવે ત્યારે હાજર કરવો.
- અરજદારે મુદ્દામાલ વાહનનો કોઈ ગેરકાયદેસર ઉપયોગ કરવો નહી કે ફરીથી આ પ્રકારના ગુનામાં વાહનની કોઈ સંડોવણી થાય નહી તેની ગંભીર નોંધ લેવી.
- હુકમ મુજબ જામીન પોલીસ સ્ટેશને આપવા તથા ત.ક અમલદારે વાહન પરત સોંપ્યાની કાર્યવાહી પુરી કરેથી જરૂરી દસ્તાવેજો અત્રેની કોર્ટના **ફોજ. કેસ નંબર – ૧૬૬/૨૦૧૮** ના રેકર્ડમાં રાખવા મોકલી આપવા.
- હાલના અરજદારે વાહન તેઓને પરત મળેથી દિન–૩૦ માં સદર વાહન તેઓના નામે કરવાની ન્યાયીક કાર્યવાહી પુર્ણ કરી તેઓના નામની **આર.સી બુક** નકલ કોર્ટમાં રજુ રાખવી.
- હુકમ મુજબ જરૂરી યાદી ધોલેરા પોલીસ સ્ટેશન તરફ કરવી.

આજ તારીખ **૦૬ઠ્ઠી**, માહે : **ડિસેમ્બર,** સને–**૨૦૧૮** નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યુ.

**તારીખઃ ૦૬–૧૨–૨૦૧૮**
**સ્થળ : ધોલેરા .**

**( ધીરેન્દ્રકુમાર ભગુભાઈ પટેલ)**
**જીજે૦૧૨૪૫**
**જયુડીશીયલ મેજીસ્ટ્રેટ (ફ.ક),**
**ધોલેરા .**